ભાવનગર મહાનગર પાલીકા

# —: ટેન્ડર :—

## મહાનગરપાલિકા—ફિલ્ટર વિભાગ ,ભાવનગર

કોન્ટ્રાકટરનું નામઃ—........................................

કામનું નામ :— ટેન્કર,ટ્રેકટર,અને એલ.સી.વી. દ્વારા પાણી વિતરણ કરવા.(૫000 લીટર્સ તથા ૧0000 લીટર્સ)

કામનો પ્રકાર :— વાર્ષિક ભાવ

**EMD**ની રકમ :— રૂા. ૮0,000 /—(૧% મુજબ)

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
તખ્તેશ્વર ફીલ્ટર પ્લાંન્ટ એન્ડ પંમ્પીગ સ્ટેશન
દક્ષિણામૂર્તિ હાઈસ્કુલની પાછળ, વાઘાવાડી રોડ
ભાવનગર— પીન ૩૬૪00૧

# –: ટેન્ડર અંગે ની શરતો :–

## ભાવનગર મહાનગરપાલિકા–ફિલ્ટર વિભાગ

(૧) ફીલ્ટર વિભાગેથી કોન્ટ્રાકટરે ૫૦૦૦ લીટર અને ૧૦૦૦૦ લીટરના ટેન્કર દ્વારા પાણી વિતરણ અંગે પોતાના વાહનમાં ડ્રાઈવર, કલીનર અને ડીઝલ ખર્ચ સહીત શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં આપવામાં આવેલ સુચના મુજબ પાણી ભરી જઈ સુચના મુજબ વિતરણ કરવાનાં એક ફેરાનો ભાવ ટેન્ડરમાં ભરવાનો રહેશે.

(૨) પાર્ટીએ પોતાના વાહનોને સુચના મુજબની શીફટમાં સવારે ૬ થી ૨,બપોરે ૨ થી ૧૦ અને રાત્રીના ૧૦ થી ૬ વાહન રાખવાના રહેશે તથા આકસ્મીક સંજોગોમા જેવા કે વાવાજોડા, આગ કે ઈમરજન્સી જેવા ખાસ કીસ્સામા જરુર પડયે વધારાના વાહન પણ હાજર રાખવાનાં રહેશે.

(૩) આકસ્મીક સંજોગોમા જેવા કે વાવાજોડા ,આગ કે ઈમરજન્સી જેવા ખાસ કીસ્સામાં ૨૪ કલાક જરુર પડે તેટલા વાહનો કોન્ટ્રાકટરે ખાતાની સુચના મુજબ પુરા પાડવાનાં રહેશે.

(૪)કોન્ટ્રકટર પાસે મીનીમમ પોતાની માલિકીના ત્રણ ટેન્કર વાહન હોવા જરૂરી અને ફરજીયાત છે.તમામ ડોક્યુમેન્ટ ટેન્ડર સાથે જોડવાના રહેશે.(પી.યુ.સી.,આર.સી.બુક,વીમો,પાસીંગ,લાયસન્સ વગેરે)અન્યથા ટેન્ડર ગેરલાયક ગણવામાં આવેશે.વાહનનો રોડ ટેક્ષ , વિમો ભર્યોનો આધાર વિગેરે તમામ આધારો એગ્રીમેન્ટ કરતી વખતે અથવા કામ પર મુકતાં પહેલા રજુ કરવાના રહેશે અને ડ્રાઈવર ના લાયસન્સ અને KYC રજુ કરવાના રહેશે અને ટેન્ડર ભરતી વખતે જ તમામ આધારો મુકવા તથા ટેન્ડર પરી ક્વોલીફીકેશનમાં રજુ કરવાના રહેશે.

(૫) કોન્ટ્રાકટરનાં વાહન દ્વારા કોઈપણ અકસ્માત કે જાનહાની/માલહાની થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.બી.એમ.સી.ની કોઈપણ જવાબદારી રહેશે નથી અને તે અંગે કોઈપણ વળતર ચુકવવામાં આવશે નહિ અને કોઈ માંગણી કરવાની રહેશે નહિ.

(૬) કોન્ટ્રાકટ મંજુર થયે ધારા ધોરણસર સ્ટેમ્પ પેપરમા સ્વ ખર્ચે નિયમ અનુસારનું એગ્રીમેન્ટ કરવાનું રહેશે.

(૭) મંજુર થયેલ ભાવોમાં મહાનગરપાલિકા-ભાવનગર દ્વારા કોઈપણ જાતનો ભાવ વધારો ચુકવવા માં આવશે નહી.કે માંગણી પણ કરવાની રહેશે નહિ.

(૮) મંજુર થયેલ ભાવ વાળી પાર્ટીને આપવામાં આવતા કોઈપણ ફેરાનો ઈન્કાર કરી શકાશે નહી

**તેમજ આપેલા ફેરાની સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

**(૯) મંજુર થયેલ ભાવ વાળી પાર્ટી કોન્ટ્રાકટ મુજબ કામગીરી કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરીટી ડીપોઝીટની રકમ ફોરફીટ કરી પાર્ટીને બ્લેક લીસ્ટ કરવાનો હકક કમિશ્નરશ્રી-મહાનગરપાલિકા ભાવનગરનો રહેશે.**

**(૧૦) ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ગમે તે સમયે કોન્ટ્રાકટ રદ્દ કરવાનો હકક તથા શરતોમા ફેરફાર કરવાનો હક્ક કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાનો રહેશે**

(૧૧) ટેન્ડર કોપી HTTP://BMC.NPROCURE.COM ઉપરથી ઓનલાઈન ડાઉનલોડ કરવાની રહેશે.તેમજ ફીઝીકલ ડોક્યુમેન્ટ્સ સીલબંધ કવરમાં ફક્ત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ,ફિલ્ટર વિભાગ,વાઘાવાડી રોડ,ભાવનગર ખાતે તા- ૨૯ / ૦૩ / ૨૦૨૫ ના ૧૮-૦૦ કલાક સુધીમાં પહોચતા કરવાના રહેશે.ત્યારબાદ ફીઝીકલ ડોક્યુમેન્ટ્સ સ્વીકારવામાં આવશે નહિ.

(૧૨). ટેન્ડર ફી.રૂ.૨૪૦૦ /- તથા E.M.D. **૧% મુજબ રૂા ૮૦,૦૦૦ /–ની રકમ નો ડી.ડી. ફીઝીકલ ડોક્યુમેન્ટ્સ સાથે સામેલ રાખવાનો રહેશે.ટેન્ડર ફી તથા** E.M.D. **નહિ ભરેલ કે મુદત વીતેલ અને શરતી ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.**

**(૧૩)** ટેન્ડર મંજુર થયેથી નિયમ અનુસારની ૫% મુજબની **સિક્યુરીટી ડીપોઝીટની રકમ રૂા.૪,૦૦,૦૦૦/– એફ.ડી.આર./બેંક ગેરેંટી સ્વરૂપે (૧૮ માસની)ભરવાની રહેશે અને રૂ.૧૨,૦૦,૦૦૦/- ની બેંક સોલ્વન્સી રજુ કરવાની રહેશે.** એક વર્ષ બાદ ૬% મુજબની SDરીલીઝ કરવામાં આવશે.(એસ.બી.આઈ.સિવાય)

(૧૪)આ ટેન્ડરમાં જયા જયા નિર્દિષ્ટ કરવામાં આવે છે ત્યાં ત્યાં તમામ જરુરી વિગતો અવશ્ય ભરવાની રહેશે. અધુરી વિગતવાળુ ટેન્ડર રદ કરવાને પાત્ર ગણાશે. ટેન્ડરનાં દરેક પાના ઉપર કોન્ટ્રાકટરે સહી અચુકપણે કરવાની રહેશે અને ફીઝીકલ કોપી સાથે સબમિટ કરવાનું રહેશે.

(૧૫)કોઇપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો તથા કોઇપણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવુ તેનો તથા ઓછા ભાવવાળું ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો અબાધિત અધિકાર કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને રહેશે.

(૧૬)ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવોનો વેલીડીટી પીરીયડ પ્રાઇઝબીડ ટેન્ડર ખોલ્યાની તારીખથી એકસો વીશ દિવસની ગણવામાં આવશે. ટેન્ડર **ભર્યા** બાદ કોન્ટ્રાકટરો તરફથી કોઇપણ પ્રકારની અરજીઓ કે રજુઆતો વિગેરે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૧૭)સફળ ઈજારદારે લેખિતમાં જાણ થયેથી દિન ૧૫માં સીકયોરીટી ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો F.D.R./ બેંક ગેરેન્ટી કમિશ્નર,ભાવનગર મહાનગરપાલિકાના નામનો સીકયોરીટી ડીપોઝીટ રૂપે રજુ કરવાનો રહેશે.

(૧૮)ઉપરોકત (૧૭)ની સીકયોરીટી ડીપોઝીટ ઉપરાંત કોન્ટ્રાકટરને ચુકવવાનાં થતાં દરેક બીલની રકમના ૨% સીકયોરીટી ડીપોઝીટ તરીકે જમા રાખવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહીં. આ સીકયોરીટી ડીપોજીટ કોન્ટ્રાકટરની કામની અવધિ(સમય) પૂર્ણ થયા બાદ જો કોઈ લેણું મ્યુનિ. એ વસુલ કરવાનું હશે તો તે વસુલીને પરત કરવામાં આવશે.

(૧૯)જે કોન્ટ્રાકટરનું ટેન્ડર પાસ થયેલ હોઈ કે પાસ થયેલ ન હોઈ તેવા કોન્ટ્રાકટરે તેમણે ભરેલ અર્નેસ્ટ મની ડીપોજીટ રૂા.૮૦,૦૦૦/- (અંકે રૂપિયા એંસી હજાર પુરા ) પુરાં અલગ અરજી કરી માંગવાની રહેશે. આ ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહીં.

(૨૦)નાણાંકીય સધ્ધરતા, ટેકનીકલ ક્ષમતા અનુભવને ધ્યાનમાં લઈ પ્રિ કવોલીફાઈડ નકકી કરવાનો અબાધિક અધિકાર કમિશ્નર શ્રી ,ભાવનગર મહાનગરપાલિકાને રહેશે. તેમાં કોઈ તકરાર/ વાંધો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(૨૧)આંકડામાં અને શબ્દોમાં કોન્ટ્રાકટરે ભાવો ભરવાના રહેશે. અન્યથા ટેન્ડર રદ કરવામાં આવશે. આંકડામાં અને શબ્દોમાં દર્શાવેલ ભાવમાં તફાવત માલુમ પડશે તો શબ્દોમાં દર્શાવેલ ભાવને લક્ષમાં લેવામાં આવશે.

(૨૨)સફળ ઈજારાદાર પોતાને મળેલ કામગીરીને પેટા કોન્ટ્રાકટર તરીકે અન્યને આપી શકશે નહીં.

(૨૩)વધારે વાહન મુકવાનું મ્યુ.કોર્પો.ના અધિકૃત અધિકારીશ્રી જણાવે ત્યારે વાહન મૂકવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની અચૂક રહેશે. તેમજ જરુરીયાત ઉપરાંત વધારાનુ એક વાહન સ્પેર(સ્ટેન્ડબાય) તરીકે અચુક રાખવાનું રહેશે. જેની સ્પષ્ટ નોંધ રાખવી.

(૨૪)આ કામગીરી આવશયક સેવાઓનો એક ભાગ હોય કોઈપણ વાંધા અન્વયે કોન્ટ્રાકટરશ્રી ધ્વારા કામ બંધ કરી શકશે નહીં. અને તેમ છતાં આ કામગીરી બંધ કરવી હોય તો દિન ૯૦(નેવું) પહેલા લેખિતમાં નોટીસ આપીને ભાવનગર મહાનગરપાલિકાને જણાવવાનું રહેશે.અને મહાનગરપાલીકાની મંજુરી મળ્યા બાદ જ બંધ કરી શકાશે. અન્યથા ભાવનગર મહાનગરપાલિકામાં ભરેલ કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટની રકમ ફોરફીટ કરીને કોન્ટ્રાકટરને ઈજારામાંથી છુટા કરશે. તથા આવશ્યક સેવાનો ધારો લાગુ પડશે.

(૨૫)કોન્ટ્રાકટર આ રોજીંદી અને અનિવાર્ય કામગીરી મનસ્વીપણે ભાવનગર મહાનગરપાલિકાને જાણ કર્યા વગર એક તરફી રીતે બંધ કરશે તો સક્ષમ સત્તાની મંજુરીને આધીન આ કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આ કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. અને નોટીસ પીરીયડ જેટલા દિવસ માટે મહાનગરપાલિકા, ભાવનગર અન્ય ઈજારાદાર પાસે કામ કરાવે તો અન્ય ઈજારદારને સદર કામનાં મંજુર થયેલા દરો કરતા વધુ જે રકમ

ચુકવવાની થાય તેટલી રકમ નિષ્ફળ ગયેલા ઈજારાદાર પાસેથી સૌ પ્રથમ ડીપોઝીટ/તેઓના બીલ / અન્ય કામોમાંથી અથવા રેવન્યુ રાહે કાયદેસર રીતે વસુલ કરવામાં આવશે.

(૨૬)કોન્ટ્રાકટરને કામગીરી કરવાનો રાઈટ આવ્યો હોવા છતાં કોન્ટ્રાકટર સક્ષમ નહી જણાય તો કમિશ્નર શ્રી મહાનગરપાલિકા, ભાવનગર અન્ય કોન્ટ્રાકટરને કામગીરી વહેચવા માટે અધિકૃત રહેશે અને તે સર્વે કોન્ટ્રાકટરોને માન્ય રહેશે.

(૨૭)કામ લેવાની બાબતમાં કાર્ય પધ્ધીત નકકી કરવામાં કે કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવાના અધિકાર કાર્યપાલક ઈજનેરશ્રી, ફિલ્ટર વિભાગને રહેશે.

(૨૮)કોન્ટ્રાકટરને કરવામાં આવેલ પેનલ્ટીની વસુલાત ચુકવવાનાં થતાં બીલના પેમેન્ટમાંથી ,અર્નેસ્ટમની ડીપોઝીટ કે સીકયોરીટી ડીપોઝીટમાંથી અથવા રેવન્યુરાહે વસુલ લેવામાં આવશે.

(૨૯)જયુડીશીયલ ક્ષેત્ર ભાવનગર શહેર રહેશે.

(30)કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકા પાસે કોન્ટ્રાકટરનાં ડ્રાઈવરો ધ્વારા કોઈપણ જાતની ગેર વર્તણુંક અંગેની લેખિત ફરિયાદ રજુ થયેથી તેમાં વજુદ જણાશે તો ભાવનગર મહાનગરપાલિકા તે ડ્રાઈવર દુર કરવા કોન્ટ્રાકટરને ફરમાવી શકશે.

(3૧) આ કામના કોન્ટ્રાકટમાં **જી.એસ.ટી. સાથે ના ભાવ ભરવાના રહશે.**.રાજય સરકાર કે કેન્દ્ર સરકારના કોઈપણ ટેક્ષ તેમજ અન્ય કોઈ ટેક્ષ ભરવાનાં થાય તે ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.સ્થાનિક મહાનગરપાલિકાનાં વાહન કર સહિતનાં તમામ ટેકસ કોન્ટ્રાકટ**રે** ભરવાના રહેશે.

(3૨)કોન્ટ્રાકટર ધ્વારા આ કામનું બીલ દર માસની ૧થી ૧૦ તારીખ સુધીમાં આગળનાં માસનું કામનું બીલ રજુ કરવાનું રહેશે અને બીલ ની સાથે તમામ વાહનની જી.પી.એસ.શીટ જોડવાની રહેશે. નિયત સમય મર્યાદામા બીલ રજુ કરવામાં આવશે નહીં તો બીલ ચુકવણા બાબતેની વિલબીંતા માટે અત્રેની કોઈ જવાબદારી રહેશે નહીં

(33)કોન્ટ્રાકટરે લધુતમ વેતન ધારો, બાળ મજુર ધારો ત્થા લેબર લોઝનો વગેરે પ્રકારના સબંધીત તમામ કાયદાઓનો અમલ કરવાનો રહેશે. વર્કમેન કોમ્પનસેશન એકટના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશ.

(3૪)જો સફળ ઈજારાદારનું કામ ભાવનગર મહાનગરપાલિકાને સંતોષાકારક લાગશે નહીં કે કોન્ટ્રાકટર કે ડ્રાઈવરની વતુર્ણુક સંતોષાકારક જણાશે નહીં અથવા ઈજારાદાર ટેન્ડર/કરારની શરતોનો ભંગ કરતા માલુમ પડશે તો મહાનગરપાલિકા, ભાવનગર ધ્વારા નોટીસ આપી સદર ઈજારો રદ કરી શકાશે. તથા ઈજારાદાર ધ્વારા ભરેલ ડીપોઝીટ ફોરફીટ કરી તેમનું નામ કોન્ટ્રાકટરના બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

(3૫) કોન્ટ્રાકટર ધ્વારા આ કોન્ટ્રાકટ અન્ય કોઈ મંડળી કે અન્ય કોઈપણ કોન્ટ્રાકટરને પેટામાં આ કામ આપી શકશે નહી તેમજ આ કામગીરીમાં ભા.મ.ન.પા.ના કોઈપણ કર્મચારી કે તેના કુટુંબના કોઈ સભ્યો ડ્રાયવર તરીકે રાખી શકશે નહીં અને જો પેટા કોન્ટ્રાકટમાં આ કામ

આપી દીધેલ હોવાનું કે ભા.મ.ન.પાના કોઈપણ કર્મચારી કે તેના કુટુંબના સભ્યો ડ્રાઈવર તરીકે રાખેલ હોવાનું માલુમ પડશે તો કોન્ટ્રાકટરનો આ કામનો કોન્ટ્રાકટ રદ કરી તેમને ભા.મ.ન.પા.ના કોઈપણ કામ માટે કાયમી માટે બ્લેકલીસ્ટમાં મુકવામાં આવશે. ૧૮ વર્ષથી ઉપરના ડ્રાયવર કામે રાખવાના રહેશે.

(૩૬) દરેક વાહન પર ઓઈલ પેઈન્ટથી **ઓન કોન્ટ્રાકટ વીથ બી.એમ.સી.** ઓફિસ સુચવે તે પ્રમાણે વાંચી શકાય તેમ મોટા અક્ષારે લખવાનું રહેશે.

(૩૭) કોન્ટ્રાકટર ધ્વારા મુકવામાં આવેલ વાહનની કામગીરી દરમ્યાન કોઇ ઈજા /અકસ્માત /જાનહાની તેમજ અન્ય કોઇ જવાબદારી ઉભી થાય તો તે તમામ જવાબદારીઓ કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે જરૂરી કાયદાઓનું પાલન કરવાની તથા વિમો લેવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૩૮) કોન્ટ્રાકટર ધ્વારા કામે રખાયેલ કર્મચારી/ડ્રાઈવર/મજુર ને ઈજા અકસ્માત જાનહાની તેમજ અન્ય કોઇ જવાબદારી ઉભી થાય તો તે તમામ જવાબદારી ઓ કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે જરૂરી કાયદાઓનું પાલન કરવાની તથા વિમો લેવાની વિગેરે જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૩૯) ઉપરોકત શરત નં.૩૭ અને ૩૮ મુજબની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. તેમાં ભાવનગર મહાનગરપાલિકાને જોડવાની રહેશે નહીં. તેમજ આવી જવાબદારી ઉભી થાય અને તેમાં કોર્પોરેશનને જોડવામા આવે તો કોર્પોરેશનને તેનો બચાવ કરવામાં જે કાંઇ ખર્ચ, નુકશાની થાય તે તમામ ખર્ચ, નુકશાની કોન્ટ્રાકટરે કમિશ્નર,મહાનગરપાલિકા ભાવનગરને આપવાનો રહેશે.

(૪૦) આ કામગીરી આવશ્યક સેવાનો એક ભાગ હોવાથી રવિવાર તથા જાહેર રજાના દિવસોએ પણ સુચના મુજબ પાણી વિતરણ માટે વાહનો ચાલુ રાખવાના રહેશે. તેમજ જરૂર જણાય કચેરીની સુચના મુજબ ૨૪ કલાક પાણી વિતરણ માટે વાહનો ચલાવવાના રહેશે.

(૪૧) માગ્યા મુજબના વાહન જે દીવસ માટે રજુ નહીં કરે તે માટે પ્રતિ દિન/પ્રતિ વાહન રૂા. ૫૦૦/- પેનલ્ટી કરવામાં આવશે

(૪૨) વાહનને ફાળવેલ કામગીરી સિવાય ઓફીસની પૂર્વ મંજુરી વિના અન્ય કોઇ કામગીરી પર વાહન ચલાવી શકાશે નહીં. અન્યથા કોન્ટ્રાકટ રદ કરી ડિપોઝીટ ફોરફીટ કરી બ્લેક લિસ્ટમાં મુકવાની નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

(૪૩)દરેક ટેન્કર શિફ્ટ દરમ્યાન નિયત સ્થળ મુજબનો ગેઇટ પાસ રજુ કરવાનો રહેશે અને ટ્રીપ થઇ ગયા બાદ ટેન્કર ક્લાર્ક પાસે તેની નોંધ કરાવાની રહેશે.

(૪૪) કોન્ટ્રકટરશ્રી દ્વારા તેઓના એજન્સી/ કંપનીના વ્યવસાય વેરો ભર્યા અંગેના આધારો રજુ કરવાના રહેશે

(૪૫)સરકારશ્રી નું **E-1** કે તેથી ઉપરના વર્ગનું રજીસ્ટ્રેશન હોવું જોઈએ

(૪૬) ફિલ્ટર વિભાગ દ્વારા સૂચવવામાં આવેલ એડ્રેસ પણ ફેરો કર્યા બાદ જે તે આસામીની સહી મેળવી ફોન નંબર લેવાનો રહશે.

(૪૭)ટેન્કર માં પાણી ભર્યા બાદ પાણી દુષિત ન થાય તે જોવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહશે અને પાણી ભર્યા બાદ ટેન્કરની ઢાંકણ ખાસ બંધ કરવાનું રહેશે.

(૪૮) સદરહુ વાર્ષિક ભાવો વર્ષ ૨૦૨૫-૨૬ માટેના રહે છે પરસ્પર સંમતીથી આગામી એક વર્ષ માટે ભાવો રીન્યુ કરવા બી.એમ.સી. હક્કદાર રહેશે

(૪૯)ભાવનગર મહાનગરપાલિકાની હદમાં કોઈપણ જગ્યાએ ટેન્કર ફેરો પહોચાડવા માટે ઇન્કાર કરે અથવા કોઈપણ ભીડવાળી જગ્યા એ ફેરો કરવાની ના પાડશે તો રૂ.૫૦૦/- ની પેનલ્ટી પ્રતિ ફેરા દીઠ તેમના બિલમાંથી કપાત કરવામાં આવશે.

(૫૦)એજન્સી નું કોઈપણ વાહન રીપેરીંગ માં મોકલવામાં આવે તો તેની અવેજી માં બીજા વાહનની વ્યવસ્થા કરવાની રહેશે અને તેનો અલગ થી ચાર્જ ચુકવવામાં આવશે નહિ.

(૫૧) કોન્ટ્રકટરશ્રી દ્વારા તેઓના એજન્સી/કંપની/પ્રોપરાઈટરશીપના ઈ.પી.એફ રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવેલ હોવું જોઈએ અને તેની નકલ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે.જે તે કામ દરમ્યાન રોકવામાં આવેલ મેનપાવરના P.F. ભર્યાના ચલણ અને રીસીપ્ટ જે તે બીલ સાથે રજુ કરવાની રહેશે તે બાદ જ બીલોના પેમેન્ટ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૫૨) કોન્ટ્રકટરશ્રી દ્વારા ESIC રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવેલ હોવું જોઈએ અને તેની નકલ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે અને જે તે કામ દરમ્યાન રોકવામાં આવેલ મેનપાવરના ESIC ભર્યાના ચલણ અને રીસીપ્ટ જે તે બીલ સાથે રજુ કરવાની રહેશે તે બાદ જ બીલોના પેમેન્ટ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૫૩) ટેન્ડર અન્વયેની ફી રૂ. .................... ડી.ડી. નં: ................................ તા-.......................... થી અને EMD રૂ. .................. ડી.ડી નં: ...................................... તા.....................થી આ સાથે રજુ કરીએ છીએ

(૫૪) ઉપરોકત શરતો અને સ્પેશીફીકેશન અમોએ વાંચી વિચારી સમજી ને ટેન્ડર ભરેલ છે. અને આ બાબતની ફિલ્ટર વિભાગથી પુરતી સમજુતી મેળવેલ છે.જે અમોને કબુલ મંજુર છે અને જે બદલ નીચે સહી સીકકા કરી આપેલ છે.

___________________

**કોન્ટ્રાકટરની સહી / સીકકો**

-:જાહેર નિવિદા:-

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા કોન્ટ્રાકટરો/એજન્સી પાસેથી nprocure વેબસાઈટ દ્વારા ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.આ દરેક કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.bmcgujarat.com પર જોઈ શકાશે.

| ક્રમ | કામનું નામ | કામની અંદાજીત કીમત | ટેન્ડર ફી | ઈ.એમ.ડી.ર કમ | ટેન્ડર ભરવાનું શરૂ થવાની તારીખ | ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ સબમિટ કરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ટેન્કર/ટ્રેકટર દ્વારા સ્વ માલિકીના વાહનમાં ડીઝલ,ડ્રાઈવર સાથે સુચના મુજબ પાણી ભરી જઈ સીટી લીમીટમાં પાણી વિતરણ ના વાર્ષિક કામ** | ૩.૮૦,૦૦,૦૦૦/- | ૨૪૦૦/- | ૮૦૦૦૦/- | ૧૩/03 /૨૫ | ૨૪/03 /૨૫ | ૨૯/03 /૨૫ | ૦૧/૦૪ /૨૫ |